શહેરની કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓ બેગ સાથે જોવા મળ્યા

બેગલેસ ડે અભિયાન વડોદરામાં નબળું

સરકારી સહિતની શાળાઓમાં યોગા, રોબોટિક્સ, સંગીત અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન થયું

રાજ્ય સરકારનો બેગલેસ ડે અભિયાન વડોદરામાં નબળું પુરવાર થયું છે. કેટલીક સ્કૂલમાં વિદ્યાર્થીઓ દફતર સાથે જોવા મળ્યા હતા. જ્યારે બેગલેસ આવેલા વિદ્યાર્થીઓને યોગાની તાલીમ આપવામાં આવી હતી.

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ પરનો શૈક્ષણિક બોજ ઘટાડવા અને વ્યવહારુ જ્ઞાન આપવા માટે શરૂ કરાયેલ ભાર વગરનું ભણતર સૂત્ર અંતર્ગતનો બેગલેસ ડે અભિયાન વડોદરામાં નબળું પુરવાર થયું છે. દર શનિવારે વિદ્યાર્થીઓએ બેગ વગર શાળાએ આવવાનું અને નિયમિત અભ્યાસને બદલે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ કરવાની જોગવાઈ હોવા છતાં શનિવારે પણ શહેરની મોટાભાગની શાળાઓમાં વિદ્યાર્થીઓ બેગ સાથે જોવા મળ્યા હતા.

વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે તેમને શાળા તરફથી શનિવારે બેગ ન લાવવા અંગે કોઈ સૂચના મળી નથી. સરકારનો બાળકો પરનો અભ્યાસનો રાજ્ય સરકાર દ્વારા શનિવારને બેગલેસ ડે તરીકે જાહેર કરવાના નિર્ણયનો , તેના અમલના પ્રથમ શનિવારે જ, જાણે સુરસુરિયો થઈ ગયો હોય તેવા દ્રશ્યો વડોદરા શહેરમાં જોવા મળ્યા હતા. શહેરના કારેલીબાગ સ્થિત બ્રાઈટ ડે સ્કૂલમાં મોટાભાગના વિદ્યાર્થીઓ શનિવારે પણ પોતાની સ્કૂલ બેગ સાથે જ શાળાએ પહોંચ્યા હતા. બ્રાઈટ સ્કૂલના પ્રિન્સિપાલે કહ્યું હતું કે, તેમને શિક્ષણ વિભાગ તરફથી આ અંગેનો પરિપત્ર મોડો મળ્યો હોવાથી આજે આ નિર્ણયની અમલવારી કરી શક્યા નથી. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે તેમને શાળા તરફથી બેગ વગર આવવા અંગે કોઈ જ જાણકારી આપવામાં આવી ન હતી. બીજી તરફ, વાલીઓએ સરકારના આ નિર્ણયને ખૂબ સારો ગણાવ્યો હતો. પરંતુ તેની યોગ્ય અને સમયસર અમલવારી થશે કે કેમ તે અંગે શંકા વ્યક્ત કરી હતી. જોકે, પ્રથમ દિવસે જ થયેલા આ અમલીકરણના અભાવે, આ યોજનાની સફળતા અને સરકારના નિયમન પર પ્રશ્નાર્થ ઊભો કર્યો છે. બોજ ઘટાડવાનો અને તેમને પુસ્તકિયા જ્ઞાન ઉપરાંત જીવનમાં ઉપયોગી વ્યવહારુ જ્ઞાન આપવાનો આ સરાહનીય પ્રયાસ યોગ્ય અમલીકરણના અભાવે નિષ્ફળ જઈ રહ્યો છે. શિક્ષણ વિભાગ તાત્કાલિક આ બાબતે ગંભીરતા દાખવી તમામ શાળાઓમાં બેગલેસ ડે અભિયાનનો યોગ્ય અને ફરજિયાત અમલ થાય તે સુનિશ્ચિત કરે તે અત્યંત જરૂરી છે.

જીકાસ પોર્ટલ પર વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીને લઈ પૂર્વ સેનેટ સભ્યની શિક્ષણ મંત્રીને રજૂઆત

જીકાસ સારી વ્યવસ્થા હોય તો એમાંથી ખાનગી યુનિ.ઓને બાકાત કેમ રાખી : કપિલ જોષી

વેરિફિકેશનના નામે આંતરવર્તાવિતી સત્તાની કઠપૂતળીઓ અને ડીઝીટલ વિકલાંગ વ્યવસ્થાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ ત્રાહિમામ

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીમાં જીકાસ પોર્ટલ પર વિદ્યાર્થીઓને પડતી સમસ્યાને લઈ પૂર્વ સેનેટ સભ્ય કપિલ જોષી મેદાનમાં આવ્યા છે. જીકાસને 300 સાયબર કાફેને રૂ.500 આપ્યા છતાં વિદ્યાર્થીની ટ્રેજેડીનો અંત આવતો નથી. ત્યારે, આ મામલે સેનેટ સભ્યે ઈન્ચાર્જ વીસીને તેમજ ઈમેલ મારફતે શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલને પણ રજૂઆત કરી હતી.

જીકાસ દ્વારા કેન્દ્રીય પ્રવેશ યોજના અંતર્ગત બારમું પાસ હોય કે ગ્રેજ્યુએટ પાસ હોય પ્રત્યેક પ્રવેશવાછું પાસેથી 300 જેટલી ફી ફોર્મ ભરાવા પેટે લેવાય છે. પ્રવેશ મળે તો મળે પણ 300 તો આપવાના જ મૂળવાત એ છે કે રાજ્યના લાખો વિદ્યાથીઓ ગામડે થી આવે છે. ત્યાં ઈનટરનેટ સુવિધા હોય કે ન હોય પણ આ વ્યવસ્થાથી જ કામ કરવું પડે છે બીજું એના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓને સાયબર કાફેના શરણે જવું પડે છે. જ્યાં પહેલા ત્રણસો ઉપરાંત બીજા આશરે પાંચસો આપવા પડે છે ! શા માટે ઓનલાઈન જ માત્ર પ્રવેશ ? હકીકતે આખો મામલો ખાનગીકરણ ને પ્રોત્સાહન આપવાનું છે. એ અર્થમાં આ વખત ની પ્રવેશ પદ્ધતિ વિદ્યાર્થી વિરોધી રહી છે અને જેના કારણે નાગરિકોએ પોતાના સંતાનોને મોઘીદાટ સેલ્ફ ફાઈનાન્સ કોલેજને ફી ભરીને ભણાવવા પડશે.

આમ ઉપરવાળા પર જ બધું છોડી દઈને આશાભર્યા યુવાનોની કારકિદીને જીકાસના નામે ગળું ઘોટવાનો જે પ્રયાસ થઇ રહ્યો છે એને સેનેટ મેમ્બર તરીકે હું વખોડું છું અને તાકીદે એવો પ્રયાસ કરવો જોઈએ કે બાઈબાઈ ચાયણી ફરતા વિદ્યાર્થીઓ ને બચાવે ચુંટાયેલા પ્રતિનિધિઓ આની સામે કેમ મૌન છે એનું મને આશ્ચર્ય છે.

ગુજસીટોકના આરોપીના નિયમિત જામીન નામંજૂર કરતી ખાસ કોર્ટ

(પ્રતિનિધિ) વડોદરા તા. 05

પ્રતિબંધિત દારૂના ગેરકાનૂની પ્રવૃતિઓમાં સિન્ડિકેટ સાથે મળીને ગુનામાં સંડોવાયેલા અને ગુજસીટોક હેઠળ અટકાયત કરવામાં આવેલ આરોપી તરફથી તા.02-07-2025 ના રોજ ખાસ ન્યાયાધીશ (ગુજસીટોક) ની અદાલતમાં વકીલ મારફતે નિયમિત જામીન અરજી રજૂ કરવામાં આવી હતી જેની સામે સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર એડવોકેટ રઘુવીર પંડ્યાની ધારદાર દલીલો અને રજૂઆત ને ધ્યાનમાં રાખીને આરોપી અરજદારના જામીન નામંજૂર કરવાનો હૂકમ કરવામાં આવ્યો છે.

વારસિયા સંતકંવર કોલોની માં રહેતા આરોપી હરેશ ઉર્ફે હરિ ચંદ્રકાંત બ્રહ્મક્ષત્રિય વિરુદ્ધ વારસિયા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો તથા તેની સામે ગુજરાત આતંકવાદ અને સંગઠિત નિયંત્રણ કાયદાના 3(5) અધિનિયમ,2015 (ટૂંકમાં GUJCTOC એક્ટ) હેઠળ તા. ,31-05-2025 ના રોજ ધરપકડ કરવામાં આવી હતી તથા તેના તા.06-06-2025 સુધીના પોલીસ રિમાન્ડ અદાલત દ્વારા મંજુર કરાયા હતા ત્યારબાદ તે ન્યાયિક કસ્ટડીમાં છે ત્યારે આરોપી અરજદાર તરફે વકીલ વિનોદ વાઘેલા પટેલ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા 2023 ની કલમ 483 હેઠળ તા.02-07-2025 ના રોજ જામીન અરજી ખાસ ન્યાયાધીશ (ગુજસીટોક) ની અદાલતમાં રજૂ કરવામાં આવી હતી જેમાં સરકાર તરફથી સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર તરીકે એડવોકેટ રઘુવીર પંડ્યા દ્વારા ધારદાર રજૂઆતો અને દલીલો કરવામાં આવી હતી જેમાં આરોપી અરજદાર દ્વારા ગુનો મંડળી સાથે મળીને કરવામાં આવ્યો હોય તથા અરજદાર આરોપી પ્રતિબંધિત દારુ સંબંધિત ગેરકાયદેસર પ્રવૃતિઓમાં સતત રોકાયેલ હોય તેને જામીન પર મૂક્ત કરવાથી જેઓની ધરપકડ હજી બાકી છે તેઓ તેનો લાભ લ ઈ શકે છે સાથે જ માનવ સ્વાસ્થ્ય માટે હાનીકારક દેશી બનાવટના શરાબ તથા આ કેસમાં તપાસ ચાલુ હોય જો તેને જામીન પર મુક્ત કરવામાં આવે તો તપાસ પર પ્રતિકૂળ અસર થાય તેમ હોય જામીન અરજી રદ કરવાની રજૂઆતને ગ્રાહ્ય રાખી છે.

પાંચ બહેનોને અંધારામાં રાખીને કાકાએ જમીન હડપવાનો કારસો કર્યો

જમીનની વારસાઈમાંથી નામો હટાવી જમીન હડપવાનો મામલો ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો

2009માં મૃત્યુ પામેલા ભાઇને જીવીત બતાવી નોટરી સાથે મળીને સિટી સર્વે ઓફિસમાં બોગસ અને બનાવટી રેકોર્ડમાં દાખલ કર્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.05

નિઝામપુરા વિસ્તારમાં આવેલી મૃતક પિતાના હિસ્સાની કરોડોની જમીનમાં વારસાઇ ધરાવતી અને છેલ્લા ઘણા સમયથી વિદેશમાં રહેતી પાંચ બહેનોના નામો નોટરાઇઝડ કરીને બોગસ અને બનાવટી દસ્તાવેજો બનાવી સિટી સર્વેની ઓફિસમાં દાખલ કરી ગુનો આચરનાર કાકાઓ તથા નોટરી વિરુદ્ધ લંડનમાં રહેતી પુત્રીએ વકીલ પ્રશાંત વી.ચાવડા મારફતે ગુજરાત હાઇકોર્ટમાં સમગ્ર મામલે તટસ્થ તપાસ સાથે આરોપીઓ વિરુદ્ધ એફ આઇ આર નોધવા રજૂઆત કરવામાં આવી છે.

હાલમાં લંડન ખાતે રહેતા મૂળ વડોદરા શહેરના દિવાળીપુરા વિસ્તારમાં સહ્યાદ્રિ એપાર્ટમેન્ટના સ્મિતાબેન સંજયભાઈ પટેલે પોતાના વકીલ પ્રશાંત વી.ચાવડા મારફતે ગુજરાત હાઇકોર્ટમાં રજૂઆત કરી છે. સ્મિતાબેન વિદેશથી થોડા સમય માટે વડોદરા આવ્યા હતા ત્યારે તેઓને જાણ થઇ હતી કે, તેમના પિતા રતિલાલ મૂળજીભાઇ પટેલ તથા કાકા અરવિંદભાઈ પટેલ તથા કનુભાઇ પટેલના સંયુક્ત માલિકીની નિઝામપુરા વિસ્તારમાં મહેસૂલ સર્વે નં.99 અને 100 જે ટી.પી સ્કીમ નં12મા સમાવિષ્ટ છે તેમાં અંતિમ પ્લોટ નં. 21,22 અને 23 છે જેમાંથી અંતિમ પ્લોટ નં. -21નો વિસ્તાર 6304 ચો.મી. છે અને અંતિમ પાયો નં.નં.24 સેટીનો વિસ્તાર 4432 ચોરસ મીટર છે જેમાં તેમના પિતા રતિલાલ મૂળજીભાઇ પટેલ નું તા.14-08-2009ના રોજ અવસાન થયું હતું જેથી સ્મિતાબેન સંજયભાઇ પટેલ તથા તેમના ચાર બહેનો ઇન્દીરાબેન અશ્વિનભાઇ પટેલ, સુશીલાબેન કિરીટભાઇ પટેલે, ગીતાબેન રોહિતભાઇ પટેલ અને દેવિકાબેન ભરતભાઇ પટેલ કુલ પાંચ બહેનો મૃતક પિતાના સીધા વારસદાર તરીકે 19-10-2823મા સિટી સર્વેમાં નોંધણી ન.5922 થી નોંધાયા હતા ત્યારબાદ કાકાઓ અરવિંદભાઈ મુળજીભાઇ પટેલ અને કનુભાઇ પટેલ તથા તેમના સાથીઓએ સિટી સર્વેમાં રતિલાલ મૂળજીભાઇ પટેલ ના મૃત્યુની હકીકત છૂપાવી સુપ્રિટેન્ડન્ટની ઓફિસમાં પ્રવેશ કરી બનાવટી દસ્તાવેજો નોટરી એસ.વાય.ગાજિયાવાલા દ્વારા તા.18-11-2014 ના રોજ નોંધણી ન.8716 સાથે. મૃતકના પાંચ વર્ષ ત્રણ મહિના અને ચાર દિવસ પછી જીવીત હોવાની હકીકત રજૂ કરીને સિટી સર્વે ઓફિસમાં બોગસ અને બનાવટી રેકોર્ડ દાખલ કરી પાંચેય દીકરીઓના વારસાઈમાંથી નામો હટાવી ઈરાદાપૂર્વક જમીન પડાવી લેવા જમીનમાં ગેરવર્તણૂક કરી હોવાની તા.22-1-2025 ના રોજ વડોદરા શહેર પોલીસ કમિશનર ને રજૂઆત કરવામાં આવી હતી તથા મુખ્યમંત્રી અને મહેસૂલ વિભાગમાં પણ અરજી સાથે રજૂઆત કરવામાં આવી હતી આ કેસમાં એન.આર. આઇ. સ્મિતાબેન સંજયભાઇ પટેલ તરફથી વકીલ પ્રશાંત વી ચાવડા દ્વારા તમામ જરૂરી પૂરાવાઓ, દસ્તાવેજો સાથે ગુજરાત હાઇકોર્ટમાં સમગ્ર મામલે ખોટા અને બનાવટી દસ્તાવેજો બનાવી ગુનો આચરવાના કેસમાં આરોપીઓ સામે એફ આઇ આર કરવા તથા અરજદાર સહિત તેઓની બહેનોના વારસામાં નામ મિલ્કતમાં ઉમેરવા અંગેની રજૂઆત કરાઈ છે.

ક્રિસ્ટલ પ્રમુખના મકાનની લોન બાકી હતી

માલિકે ફલેટ વેચવાના બહાને મહિલાના રૂ.17.50 લાખ પડાવ્યાં

વારંવાર મકાનનો દસ્તાવેજ કરી આપવા કહેવા છતાં માલિક ગલ્લા તલ્લા કરતો હોય શંકા ગઇ

મહિલાએ વડોદરામાં રહેતા અને મ.સ.યુનિ.માં અભ્યાસ કરતા પુત્ર માટે મકાન ખરીદયુંને ઠગાયાં

(પ્રતિનિધિ) વડોદરા તા.5

ગોત્રી વિસ્તારમાં ક્રિસ્ટલ પ્રમુખમાં મકાન ધરાવનાર માલિકની લોન ભરપાઇ કરવાની બાકી હોવા છતાં ઠગે ફ્લેટ મધ્યપ્રદેશની મહિલાને વેચાણ આપી તેમની પાસેથી રૂ.17.50 લાખ પડાવી ઠગાઇ આચરી હતી. જેથી મહિલાએ મકાન માલિકને વેચાણ દસ્તાવેજ કરી આપતા નહી આપતા ઠગ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંવી છે.

મધ્યપ્રદેશના રૂપાખેડા ગામે રહેતા સુમિત્રાબેન યુમસિંહ પરમાર ઝાબુઆ ખાતે હરીઓમ જનરલ સ્ટોરના નામથી મેડીસીનનો ધંધો કરે છે. જ્યારે તેમનો પુત્ર વડોદરા એમ.એસ.યુનિ. માં અભ્યાસ કરતો હતો. તે દરમિયાન ક્રિકેટની પ્રેકટીસ કરવા માટે જતો હતો. પુત્રને રહેવામાં તકલીફ પડતી હોય માતાપિતાએ મકાન લેવાનું નકકી કર્યું હતું. જેથી પુત્રે ગોત્રી વિસ્તારમાં ક્રિસ્ટલ પ્રમુખના ઈ-ટાવરનું મકાન પુત્રને પસંદ પડતા માતા પિતાને પણ જાણ કરી હતી. 13 મેના રોજ તેઓ વડોદરા ખાતે આવી રોહિતભાઈ કાનજીભાઈ રાવલ (રહે. સલાટવાડા) નું ગોત્રી વિસ્તારમાં ક્રિસ્ટલ પ્રમુખ ફલેટનુ મકાન જોયુ હતુ અને પસંદ પડતા તેજ દિવસે રૂ.3.50 લાખ ચુકવી દીધા હતા. જેની તેઓએ એક ટોકન પાવતી લખી આપી હતી. ત્યારબાદ તેઓએ ઓનલાઇન રોહિત રાવળને બાકીના રૂ.17.50 લાખ મકાનની નક્કી કરેલી કિંમત ચૂકવી દીધી હતી. વારંવાર મકાનનો વેચાણ દસ્તાવેજ કરી આપો તેમ કહેતા હતા પરંતુ મકાન માલિકે હાલમાં ઓરીજનલ દસ્તાવેજ બેન્કમાં જમા છે અને બેન્ક મેનેજર બહાર હોય તેને આવતા એક મહિના ઉપર થાય તેમ છે. જેથી તમે મકાનમાં રહેવા માટે આવી જાવ તેમ કહ્યું હતું. જેથી પુત્ર 1 જુલાઈ 2024ના રોજથી મકાનમાં રહેવા માટે આવી ગયો હતો. મહીના ઉપર સમય થઈ જતા મહિલાએ રોહિત રાવળને મકાનનો વેચાણ દસ્તાવેજ કરી આપો તેમ કહ્યું હતું. ત્યારે તેણે મહિલાને મકાન પર લોન લીધો હોય બેન્કમાં ભરવાની બાકી છે. તેની પાસે પૈસા નથી અને આવશે ત્યારે બેન્કમાંથી ઓરીજનલ દસ્તાવેજ છોડાવીને તમને વેચાણ દસ્તાવેજ કરી આપીશ. તમે કોઈ ચિંતા ન કરો અને શાંતિથી ત્યાં રહો તમને મકાન ખાલી કરાવવાનો નથી. પુત્ર નિરજ ત્યા મકાનમાં રહેવા લાગ્યો હતો. દરમિયાન એસબીઆઈ બેન્કના કર્મચારી ઘરે આવ્યા હતા અને બેન્કની લોન ભરપાઈ કરી ન હોય મકાનને સીલ મારી દઈશું તેમ જણાવ્યુ હતું. ત્યારે મકાન માલિકના કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો. રોહિત રાવળ ક્રિસ્ટલ પ્રમુખ ફલેટનો દસ્તાવેજ બેંકમાં જમા હોય અને લોન બાકી હોવા છતાં મકાન એમપીને મહિલાને વેચાણ આપવાનું કહી તેમની પાસેથી રૂ. 17.50 લાખ પડાવીને છેતરપિંડી આચરી હતી. જેથી મહિલાએ ગોત્રી પોલીસ સ્ટેશનમાં રોહિત રાવળ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

બેન્કે સીલની નોટિસ મારતા ઠગે કહ્યું તમે ભાડાના મકાનમાં રહેવા જતા રહો

ક્રિસ્ટલ પ્રમુખના મકાન ધરાવનાર રોહિત રાવળે મકાન પર લોન લીધી હતી જે લોન ચાલુ હોવા છતાં મકાન મધ્યપ્રદેશની મહિલાને વેચાણ આપી રૂપિયા પડાવી લીધી હતા. જેથી મહિલાનો પુત્ર મકાનમાં રહેવા માટે આવ્યો હતો. ત્યારે બેન્ક દ્વારા મકાનને સીલ મારવાની નોટિસ લગાવાઇ હતી. તેને નોટિસ બાબતે જણાવતા તેણે હાલમાં તેણે હાલમાં રૂપિયા નથી તમે ભાડાના મકાનમાં રહેવા માટે જતા રહો તેવુ કહ્યું હતું. ત્યારે મહિલાએ મકાનના દસ્તાવેજ કરી આપો અથવા તો મકાનના ચૂકવેલા રૂપિયા પરત આપો તેવી માગણી કરી હતી.

બે મહિના પૂર્વે બનેલા રોડ પર ખાડાઓનું સામ્રાજ્ય સર્જાયું

ઉંડેરાથી કોયલી તરફ જવાનો રસ્તો બિસમાર થતા વાહનચાલકોમાં અકસ્માતનો ભય

સ્થાનિક લોકોએ તંત્ર સામે નારાજગી દર્શાવી સમસ્યાનું નિરાકરણ લાવવા માંગ કરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

વડોદરા શહેરના ઉંડેરાથી કોયલી તરફ જવાનો રસ્તો બીસમાર હાલતમાં જોવા મળી રહ્યો છે.લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. રસ્તો ખરાબ હોવાના કારણે ચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ત્યારે સ્થાનિક લોકોએ તંત્ર સામે આક્રોશ વ્યક્ત કરી વહેલી તકે આ રોડની સમસ્યાનું નિરાકરણ લાવવા માટે માંગણી કરી હતી.

વડોદરાના ઉંડેરાથી કોયલી તરફ જવાના મુખ્ય માર્ગની હાલત ખખડધજ થતા લોકોમાં અકસ્માતનું જોખમ વધ્યું છે. દરરોજ નાના મોટા અકસ્માતો થઈ રહ્યા છે.ખાડામાં પાણી ભરાઈ રહેતા ખાડા દેખાતા નથી.રજૂઆત કરવામાં આવી હોવા છતાં સમસ્યાનું નિરાકરણ કરવામાં નહીં આવતા સ્થાનિક લોકોએ તંત્ર સામે રોષ ઠાલવ્યો હતો. વિસ્તારના રહીશ મહેન્દ્રભાઈ પઢીયારે જણાવ્યું હતું કે, આ પહેલા પણ બે વખત કમ્પ્લેન કરી છે કે, આ પંચવટીથી લઈને ઉંડેરા કોયલી સુધીના રસ્તા પર જે નવો રોડ બન્યો બે મહિના પણ નથી થયા, પાણી ભરાય છે અને ખાડા પડી ગયા છે. કોઈ સુધારો થતો નથી. રોજ પબ્લિક પડે છે અને જાય છે. આ મુખ્ય રસ્તો છે ઈન્ડસ્ટ્રીઝનો પણ કોર્પોરેશનમાંથી કોઈ જોવા આવતું નથી. મેમાં ઉઘરાવે છે. બધું જ કરે છે ટેક્સ પણ વસુ લે છે. પણ ખબર નહીં આ બધો પૈસો ક્યાં જાય છે. સમજ પડતી નથી. સત્વરે આ રોડ ઉપર પાણીની લાઈનો પણ નાખેલી છે. વરસાદી પાણી ભરાઈ રહ્યા છે, પણ એનો કોઈ નિકાલ નથી. આ વરસાદની શરૂઆત છે. હજુ જ્યારે મુખ્ય વરસાદ છે. ત્યારે શું હાલ થશે. દરરોજ લોકોને અકસ્માતનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી આની પર ધ્યાન આપીને સત્વરે આનો નિકાલ કરે એવી અમારી માંગણી છે. અત્રે નોંધનીય છે કે, વડોદરા શહેરના જુદા જુદા વિસ્તારોમાં ઠેર ઠેર રોડ ઉપર ખાડા પડી ગયા છે. લોકોને હવે કમરના દુખાવા પણ ઉપડી રહ્યા છે. પરંતુ, તેમ છતાં પણ પાલિકાનું તંત્ર ભર નિંદ્રા માણી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.

સ્થાયીમાં એસ્કેવેટર, લીઝલાઈન અને કોવિડ સામાન ખરીદીને મંજુરી

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક મહાનગરપાલિકા માટે ૧૧મા નાણાંપંચ હેઠળ ૨૦ એસ્કેવેટર લોડરની ખરીદી માટે અગાઉ ટેન્ડર પ્રક્રિયા યોજાઈ હતી. જેમાં ૧૦ મશીનો માટે મંજૂરી મળી હતી. હવે બાકીના ૧૦ મશીનો માટે મેયંત્રમેન ઓટોમેક પ્રા. લિ. પાસેથી GeM Portal પર મૂળ રકમથીથી ૩૭.૭૬% ઓછા દરે રૂ.૨.૪૫ કરોડથી વધુ ખર્ચે ખરીદ માટે ભલામણ કરવામાં આવી હતી તે મંજૂર કરી દેવાઈ છે. પાલિકાની વિવિધ શાખાઓ અને વોર્ડ ઓફિસોમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવા માટે BSNL પાસેથી ૩ વર્ષ માટે લીઝલાઈન સેવા રૂ.૫૨.૩૪ લાખ + GST ના કુલ ખર્ચે લેવાના કામને મંજૂરી મળી છે. મે. અક્ષત કન્સલ્ટન્ટ એલએલપી પાસેથી ૪૦૦૦ રૂપિયાના દરે માસ્ક અને ૫૦૦૦ રૂપિયાના દરે ૨૦ પ્રોટેક્ટિવ સુટ કુલ રૂ.૧.૮૦ લાખના ખર્ચે ખરીદ્યા હતા. સામાન્ય ટેન્ડર પ્રક્રિયા વિના આ ખરીદી કરાતા હવે તે ખર્ચને પણ સર્વાનુમતે મંજુરી આપી દેવાઈ છે.

હોટલ સંચાલકની રિક્ષા સહિત રૂ.1.35 લાખની મતા ચોરાઈ

વેપારી મરીમાતાના ખાંચામાં કામ અર્થે ગયાને તસ્કરે ખેલ પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.5

હોટલ સંચાલક રિક્ષા રાજમહેલ રોડ પર પાર્ક કરીને મરીમાતાના ખાચામાં કામ અર્થે ગયા હતા. ત્યારે કોઈ ચોર તેની રિક્ષા ડુપ્લિકેટ ચાવી વડે ચાલુ કરી ફરાર થઈ ગયો હતો. રિક્ષામાં અગત્યના ડોક્યુમેન્ટ તથા મોબાઈલ તેમજ રોકડા રૂ.65 હજાર મળી રૂ.1.35 લાખની મતા પણ ચોરાઇ હોય તેઓએ નવાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના બાજવા વિસ્તારમાં કરચીયા રિફાઇનરી પાસે અમીન ફળિયામાં રહેતા સુભાષભાઈ જયંતિલાલ પંડયા ન્યુ ગીરનાર કાઠીયાવાડી હોટેલ ચલાવે છે ગત 11 જૂનના રોજ સાંજના 8 વાગે રાજમહેલ રોડ ખાતે મરીમાતાના ખાંચા કોઈ કામ અર્થે ગયા હતા. તેઓ ખાંચાની બહાર રોડ પર તેમની રિક્ષા મુકીને કામ અર્થે ગયા હતા. મરીમાતાના ખાચામાં અડધો કલાકનું કામ પુરુ કર્યા બાદ તેઓ રીક્ષા પાસે આવ્યાં હતા. ત્યારે રીક્ષા સ્થળ પર ન હતી. જેથી તેઓએ આસપાસના વિસ્તારમાં રીક્ષાની શોધખોળ કરી હતી પરંતુ રીક્ષાનો અતો પતો મળ્યો ન હતો. ત્યારે તેમની રિક્ષા કોઈ તસ્કરો ડુપ્લિકેટ ચાવી વડે ચાલુ કરીને લઈ ગયો હતો. રીક્ષામાં આધારકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, બેન્ક ઓફ બરોડાનુ ક્રેડિટ કાર્ડ, ન્યુ ગીરનાર કાઠિયાવાડી હોટેલના એગ્રીમેન્ટ સહિતના ઓરિજિનલ કાગળો પડેલા હતા. ઉપરાંત રૂ. 40 હજારનો મોબાઈલ અને રોકડા રૂ. 65 હજાર મળી રૂ. 1.35 લાખનો મુદ્દામાલ લઈને ચોર ફરાર થઈ ગયો હતો. જેથી નવાપુરા પોલીસ સ્ટેશનમાં હોટલ સંચાલકે ફરિયાદ નોંધાવતા પોલીસે રિક્ષા ચોરને ઝડપી પાડવા તજવીજ કરી છે.

દંડક શૈલેષ પાટીલે તરસાલી સુસેન રોડ પહોંચી કાર્યવાહી કરાવી

જગદીશ ફરસાણની બેદરકારીથી તરસાલીમાં વીજપોલ પડ્યા

છટણીની કામગીરી દરમિયાન કટાયેલો વીજ પોલ ધરાશાયી થતાં રાહદારીને સામાન્ય ઇજા

(પ્રતિનિધિ) વડોદરા તા.05

શનિવારે શહેરના દક્ષિણ વિસ્તારમાં આવેલા તરસાલી -સુસેન રોડ થી પોલીસ ચોક ત્રણ રસ્તા પરના ડિવાઇડર વચ્ચે તોતિંગ અને જોખમી વૃક્ષોની છટણી (ટ્રિમીગ) કામગીરી દરમિયાન એક કાટ લાગેલો જોખમી વીજ પોલ ધરાશાયી થતાં એક વાહનદારીને ઈજા પહોંચી હતી જો કે હેલ્મેટ ના કારણે તેનો જીવ બચી ગયો હતો પાલિકામાં જાણ કર્યા વિના જગદીશ ફરસાણ દ્વારા સુરક્ષાના સાધનો વિના કામગીરી કરાતાં ત્રણ વીજ પોલ નમી પડ્યા હતા સાથે જ ટ્રીમીગ કરેલ કચરો ન ઉઠાવતા સમગ્ર મામલે મ્યુનિસિપલ કાઉન્સિલર શૈલેષભાઇ પાટીલ દ્વારા જગદીશ ફરસાણના જવાબદારને નોટિસ ફટકારી છે.

શહેરના દક્ષિણ વિસ્તારમાં આવેલા તરસાલી સુસન વિસ્તારમાં શ્રેયસ સ્કૂલથી જીજી માતાના મંદિર વચ્ચે રોડ પર ના ડિવાઇડરના વૃક્ષોની જાળવણીની જવાબદારી જગદીશ ફરસાણને આપવામાં આવેલ હોય શનિવારે તરસાલી સુશેન રોડ થી ત્રણ રસ્તા પોલીસ ચોકી વચ્ચે વૃક્ષોની છટણી ની કામગીરી કરવામાં આવી રહી હતી જેમાં સુરક્ષાના સાધનો વિના, પાલિકાના પાર્કસ એન્ડ ગાર્ડન વિભાગને કોઈપણ પ્રકારની જાણ કર્યા વિના તથા રોડ પર ટ્રાફિક સુરક્ષા વિના આ કામગીરી કરવામાં આવી રહી હતી તે દરમિયાન વિજપોલ પરથી પસાર થતા ગેરકાયદેસર કેબલો ખેંચાઈ જતાં ત્રણ વીજપોલ નમી ગયા હતા જ્યારે એક કાટ લાગેલ વીજપોલ એક વાહનચાલક પર પડતાં તેને ઈજા પહોંચી હતી જો કે તેણે હેલ્મેટ પહેર્યું હોય બચાવ થયો હતો. ઈજાગ્રસ્ત ને 108 મારફતે સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બાજુમાં જ ફિનિક્સ સ્કુલ તથા એક્ઝિલીયમ સ્કુલ આવેલી છે. આ ફિનિક્સ સ્કૂલમાં એક હજાર થી વધુ વિધાર્થીઓ અભ્યાસ કરે છે આ શાળા પાસે પોતાનું પાર્કિંગ કે રમતનું મેદાન નથી જેથી સ્કૂલના વાહનો પણ રોડ પર પાર્ક કરવામાં આવે છે અને વિધ્યાર્થીઓ પણ જોખમી રીતે રોડ ક્રોસ કરી અભ્યાસ કરે છે.અહી આ કામગીરી દરમિયાન જગદીશ ફરસાણ દ્વારા કોઈ જ સુરક્ષા વિના કામગીરી કરી છટણી કરેલા વૃક્ષોનો કચરો રોડ પર જ મૂકી દેવાતા સમગ્ર મામલે મ્યુનિસિપલ કાઉન્સિલર શૈલેષભાઇ પાટીલ સ્થળ પર દોડી આવ્યા હતા અને ફિનિક્સ સ્કૂલને તેમણે પત્ર લખ્યો છે જ્યારે જગદીશ ફરસાણના જવાબદારને નોટિસ ફટકારી હતી.

કમિશન સાથે વેબસાઇટમાં રૂ.12.56 કરોડ બતાવ્યાં પણ એકપણ રૂપિયો આપ્યો નહીં

શેરમાર્કેટમાં ઈન્વેસ્ટ કરવાની લાલચ આપી ઠગે મહિલા પાસેથી રૂ.1.49 કરોડ પડાવ્યાં

શરૂઆતમાં હજાર રૂપિયા પરત કરતા મહિલાને વિશ્વાસ આવતા વધૂ નાણા રોક્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા નિલકંઠ એપાર્ટમેન્ટમાં રહેતા તેજલબેન કેયુરકુમાર ગાંધી પાર્ટનર સુબ્રમણ્યમ શ્રીનિવાસ સિનોય સાથે વિહવ સુપ્રીમસ બિલ્ડિંગમાં શ્રીજી કન્સલ્ટન્સીની ઓફિસ ચલાવી તેમાં ઈન્કમ ટેક્ષ રીટર્ન ફાઈલ, એકાઉન્ટિંગ ટીડીએસ તેમજ જીએસટીનું કામ કરીએ છીએ. ગત 23 માર્ચ 2025ના મહિલાના મોબાઈલ ઉપર અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો. જેમાં ઝીરોધાના સ્પેશિયલ ગેસ્ટ વિજયસિંઘ ફ્રી વીઆઈપી વોટ્સએપ સ્ટોક શેરિંગ ગ્રુપ ચાલુ કરવાના છે. તેમા શેર માર્કેટને લગતી ટી